


"નમસ્તે સાહેબ, કેમ હમણાં દેખાયા નહિ ?! વિદેશ ગયા'તા કે શું ?!"

"ના રે ભાઈ ના ! વિદેશ શું જાય..?! દેશમાં જ એટલું બધું જોવાનું ને જાણવાનું છે કે..!!"

"હં...હં... શું જોયું ને શું જાણ્યું તમે એ તો કો..?!"

"અરે અહીં તો મજા મજા છે..! રોજ નાટક જોવા મળે..!! અલગ અંદાજમાં જોવા મળે..! એક એકથી ચડીયાતા કલાકારોના અભિનય જોવા મળે..!!"

"ઓ...હો... એટલે તમે આ રાજકારણમાં ભજવાતા નાટકની જ વાત કરો છો ને..?! એ તો બધા છેજ કલાકારો..!! પેલા સંજય ગોરડીયા અને સિદ્ધાર્થ રાંદેરીયા ભગવાનનો આભાર માને છે, કે... 'આ બધા નાટકની લાઈનમાં ના આવ્યા તો અમારૂ ચાલે છે..!! નહીં તો અમારો ક્યાં ગજ વાગત..?!"

"જોરદાર વાત કરી હોં..!! કો'ક દાખલ થઈ જાય..! કો'ક રડી પડે..! કો'ક ખબર કાઢવા જાય..! કો'ક દેકારા પડકારા કરે..! કો'ક બચાવે ને કો'ક ડુબાડે..! કો'ક ડરાવે ને કો'ક ડરી જાય..! કો'ક શું બોલે... ક્યારે બોલે... કેવું બોલે..?! કોઈજ ઠેકાણું નહીં..!"

"હા..! એટલે કોઈ સ્કીપ્ટ જ નહિને..?! પણ આમાં કાચું કપાય એટલે ભગો થાય..! અને પછી વગોવાય..!"

"એ જ ગેમ પ્લાન હોય..! કો'કના કપડાં ક્યારે ઉતારવવા અને ક્યારે ઓઢાડવા એજ કૌશલ્ય છે ને..!!"

"જુઓ..! તોગડીયા સાહેબ રીક્ષામાં જતાં રહ્યાં... મિત્રને ત્યાં ચાર કલાક બેઠા... મિત્રની ગાડીમાં ગયા અને ગાડીમાંથી પછી ૧૦૮ બોલાવી... કેટલી બધી ભૂલો... અને કેવું કાચું કપાયું..!! સામે ચાલીને સામેના ગૃપને ખુલ્લા પાડવાનો મોકો આપ્યો..!!"

"એક સત્ય તમને કહી દઉં..! એક બટન ખોટું વખાય એટલે બધાંય ખોટા જ વખાય..!! આખો એપિસોડ ખોટી રીતે પ્લાન થયો ને ખોટી રીતે ભજવાયો..! એટલે જાતે જ ઉઘાડા પડી ગયા..!!"

"એ તો ખોટા એપિસોડ ભજવવાની કલા અને તાકાત હોવી જોઈએ..! બરાબરને ?! આપણે ક્યાં ઓછા જોયા છે..?! પણ એમાં તો રતિભાર ભુલ હોય જ નહીં..!"

"હં...બોસ..! એને જ લોકપ્રિય અભિનેતા કહેવાય ને..?! જે સાચો રોલ... સાચા સમયે... સાચા સ્થળે ભજવી બતાવે... તે જ સાચો અભિનેતા..!! ખરૂ ને ?!"

"હા...હા... એ નેતા હોયકે અભિનેતા... યોગ્ય સમયે યોગ્ય અભિનય કરી ને યોગ્ય ડાયલોગ બોલે તો નાટક જામે..! ગમે ત્યાં ના રડાય..! રડવા માટે પણ યોગ્ય સમય અને સંજોગ જોઈએ..!!"

"વાહ..! જોરદાર વાત કરો છો હો' તમે..! એનો અર્થ એવો થયો કે તોગડીયા સાહેબ ફસાઈ ગયા એમ જ ને..?!"

"એ વિશ્લેષણનું કામ બધું તમારૂ..! હું તો સીધી સાદી વાત કરૂ, કે છગ્ગો મારવા જતા'તા અને ક્લીનબોલ્ડ થઈ ગયા..!!"

"પણ હવે શું થશે..?!"

"જો ભાઈ..! હું જ્યોતિષી નથી, પણ હું શતરંજ તો રમુ છુ..! મને લાગે છે, કે હવે પ્રવિણ તોગડીયા કોંગ્રેસનો હિન્દુ ચહેરો બનશે..!"

● અનુસંધાન પાન-૭ પર





"માનવતાની મહાનમુર્તિ અને સમગ્ર વિશ્વમાં સન્માનીય એવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના કર્મસ્થળ હૃદયકુંજની હૃદયસ્પર્શી મુલાકાતથી હું અભિભૂત થયો છું" તેમ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ આજે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથે સુપ્રસિધ્ધ સાબરમતી આશ્રમની મુલાકાત પ્રસંગે જણાવ્યું હતું. ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતના મોંઘેરા અતિથી અને ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ આજે સાબરમતી આશ્રમ ખાતે આવી પહોચ્યા ત્યારે આશ્રમના ટ્રસ્ટી મંડળના સભ્યોએ સુતરની આંટી પહેરાવી તેમનું ભાવભીનું સ્વાગત કર્યુ હતું. ગાંધીઆશ્રમના હૃદયકુંજના ઓટલા પર બેસી બન્ને મહાનુભાવોએ અલૌકિક ક્ષણો માણી હતી. આ પ્રસંગે તેમની સાથે ઈઝરાયલના વડા પ્રધાનના ધર્મપત્ની સારા નેતાન્યાહુ જોડાયા હતા.

# જિલ્લાની શાળાઓમાંથી ૧૯ હૃદયની, ૬ કિડનીની અને ૨ કેન્સરની બિમારીથી પિડાતા બાળકો મળ્યા

**૧૫૯ ગામોમાં શાળા-આરોગ્ય ચકાસણી સંપન્ન થઈ; ૮૮૧૨ બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાની વિવિધ શાળાઓમાં ભણતા બાળકો બિમારીથી પિડાઈ રહ્યા છે. આ પૈકી આ વખતે શાળા-આરોગ્ય ચકાસણી દરમ્યાન ૧૯ બાળકો હૃદયની બિમારીથી તો ૬ બાળકો કિડનીની બિમારીથી, ૨ કેન્સરની બિમારીથી પિડાતા તો ૬ બાળકો અન્ય ગંભીર બિમારીથી પિડાતા મળી આવ્યા છે. આ બધાને તાત્કાલિક સારવાર માટે તંત્ર દ્વારા મંજૂરી પણ આપી દેવામાં આવી છે એટલુ જ નહિ તેમની સારવારનો આરંભ પણ થઈ ચુક્યો છે.

છેલ્લા એક માસથી જિલ્લામાં ચાલી રહેલા શાળા-આરોગ્ય ચકાસણી અંતર્ગત અત્યાર સુધીમાં ૧૫૯ ગામોમાં આ કામગીરી સંપન્ન થઈ ગઈ છે. અત્યાર સુધીમાં ૧,૧૯,૪૮૮ બાળકોને તંત્રની ટીમો દ્વારા ચકાસી લેવામાં આવ્યા છે.

જિલ્લા આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ચકાસણી દરમ્યાન ૮,૮૧૨ બાળકોને નાની મોટી ફરિયાદો આરોગ્ય વિષયક હોવાની જણાતાં સ્થળ પર જ સારવાર આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર જિલ્લાના પ્રભારી મંત્રી તરીકે રાજ્યમંત્રી પરબત પટેલ નિમાયા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના પ્રભારી મંત્રી તરીકેની જવાબદારી રાજ્યમંત્રી પરબતભાઈ પટેલને સોંપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

રાજ્યના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આજે સાંજે જિલ્લાના પ્રભારી મંત્રીઓની જવાબદારીના હુકમો જારી કરવામાં આવ્યા છે.

રાજ્યમંત્રી મંડળમાં નાયબ મુખ્યમંત્રી તરીકેનું સ્થાન ધરાવતા નીતિનભાઈ પટેલને વડોદરા અને ખેડાના પ્રભારી મંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. દિલીપ ઠાકોર, ઈશ્વરભાઈ પરમાર તેમજ વિભાવરીબેન દવેને અનુક્રમે કચ્છ, બનાસકાંઠા તેમજ મહેસાણાના પ્રભારી મંત્રી બનાવાયા છે. જ્યારે રાજ્યમંત્રી પુરૂષોત્તમ સોલંકીને સહપ્રભારી મંત્રી તરીકે સુરેન્દ્રનગરની જવાબદારી સોંપવામાં આવી છે.

# સે-૮ માં નીલગાયના ત્રાસના પગલે ચેઈનલીંક ફેન્સીંગ

**શહેરની વનઆરક્ષિત જગ્યામાં લોખંડની ફેન્સીંગ કરવા ૫૫ લાખનો ખર્ચ કરાશે : ટુંકમાં કામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં વનઆરક્ષિત જગ્યામાં સ્થિત વૃક્ષો અને નવા વાવેતર કરવામાં આવતા રોપાઓની સુરક્ષા અને જતનને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા શહેરના તમામ સેકટરોમાં લોખંડના એંગ્લ વાળી ફેન્સીંગ ફીટ કરવામાં આવશે. જયારે સે-૮ માં નીલગાયના ત્રાસને ધ્યાને રાખી ચેઈનલીંક ફેન્સીંગ કરવાનો નિર્ણય લેવાયો છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૫૫ લાખનો ખર્ચ કરવામાં આવશે.

શહેરમાં સ્થિત વનઆરક્ષિત જગ્યામાં હરિયાળા વૃક્ષો જોવા મળી રહયા છે. જયારે દરવર્ષે ખાલી જગ્યાનો સર્વે હાથ ધરી વનતંત્ર દ્વારા પ્લાન્ટેશન કરવામાં આવે છે. આગામી દિવસોમાં પણ ચામાસાને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા ખાડા કરવાનુ કામ અત્યારથી જ શરૂ કરી દેવાયુ છે .જયારે શહેરી વિસ્તારમાં અવનવા રોપાઓની વાવણી કરવામાં આવશે. બીજીતરફ વનતંત્રની આ જગ્યામાં દબાણ ગંદકી અને નીલગાય સહીત રખડતા ઢોરનો ત્રાસ વધે છે. જયારે આ સ્થિતિ વચ્ચે રોપાઓને પણ નુકશાન થાય છે. જેને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા લોખંડની ફેન્સીંગ કરવાનો નિર્ણય લેવાયો છે. વનતંત્રના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર શહેરના તમામ સેકટરોમાં ફેન્સીંગનુ કામ હાથ ધરાશે. શહેરની વનઆરક્ષીત જગ્યાને રક્ષણ આપવા માટે લોખંડની એંગ્લ સાથે ફેન્સીંગ કરવામાં આવશે.

જયારે સે-૮ માં નીલગાયનો ત્રાસ વધુ હોવાના લીધે આ ઠેકાણે ચેઈનલીંક ફેન્સીંગ કરવામાં આવશે. શહેરમાં ૧૮ હજાર મીટરની ફેન્સીંગનુ કામ હાથ ધરાશે જયારે આ કામગીરી પાછળ રૂ ૫૫ લાખનો ખર્ચ કરવામાં આવશે આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પણ મંજુર કરી દેવાયુ છે. ટુંકમા કામગીરી પણ શરૂ કરી દેવાશે. હાલ પણ વન આરક્ષિત જગ્યામાંથી સિમેન્ટની થાંભલીઓ કાઢી નાંખવામાં આવી છે. જયારે આ ઠેકાણે હવે લોખંડની ફેન્સીંગ ફીટ કરી દેવાશે.

# પ્રધાનમંત્રી મોદી અને નેતન્યાહૂએ લોકપર્વ-ઉત્તરાયણને વૈશ્વિક ફલક પર મુકી દીધું



ઈઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામીન નેતન્યાહૂ અને ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદમાં સાબરમતી આશ્રમની મુલાકાત વેળાએ રિવરફ્રન્ટ નજીક પતંગ ચગાવવાનો રોમાંચ માણ્યો હતો. ઈઝરાયલના પ્રધાનમંત્રીના ધર્મપત્ની શ્રીમતી સારા બેન્ઝામીને પણ દોરી હાથમાં લઈને શેલ ખાધી હતી. ગુજરાતમાં ત્રણ દિવસ પૂર્વે જ અત્યંત લોકપ્રિય તહેવાર ઉત્તરાયણનું પર્વ ઉજવાયું છે. આ દિવસોને લઈને સાબરમતી આશ્રમના પરિસરમાં વૃશાંક અને દિયા નામના બે બાળકો પતંગ ઉડ્ડયન કરી રહ્યા હતા. સાબરમતી આશ્રમની મુલાકાત વેળાએ રિવરફ્રન્ટ તરફ જતાં ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વૃશાંક પાસેથી પતંગની દોરી લઈને પતંગ ઉડ્ડયન માણ્યું હતું. ઈઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામીન નેતન્યાહૂએ પણ પતંગ ઉડ્ડયનમાં રસ લીધો હતો.

# જિલ્લામાં ૨૦૧૭માં ૩૧૩૨ વ્યકિતઓને કૂતરા કરડયા!!

**૧૮૨૪ પુરૂષ અને ૧૩૦૮ મહિલાઓને કરડયા ઓક્ટોબર માસમાં સૌથી વધુ ઘટનાઓ બની**

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લામાં ૧-૧-૧૭ થી ૩૧-૧૨-૧૭ સુધીમાં ૩૧૩૨ વ્યકિતઓને કૂતરા કરડતા તેમને હડકવા વિરોધી રસીથી રક્ષિત કરવામાં આવ્યા હતા. ૨૦૧૬ કરતાં ૧૦૧૭માં ૧૩૦ જેટલા કેસ કૂતરા કરડવાના ગત વર્ષમાં વધુ બન્યા છે જે ઉલ્લેખનીય છે.

જિલ્લામાં રખડતા કૂતરાઓની સંખ્યા પણ વધુ છે અને તે માણસોને કરડી તેમની હિંસક વૃત્તિના દર્શન કરાવતા હોય છે. આદરજ મોટી ગામે તો ભેંસના નાનાં બચ્ચા ફાડી ખાધાની ઘટના પણ ગત વર્ષે સામે ધ્યાને આવી હતી. ૨૦૧૭ના વર્ષમાં સૌથી વધુ કૂતરા પુરૂષોને કરડયા હોવાનું જાણવા મળેલ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૩૧૩૨ કૂતરા કરડવાની જે ઘટનાઓ બની છે તેમાં ૧૮૨૪ પુરુષ દર્દી અને ૧૩૦૮ મહિલાઓનો સમાવેશ થાય છે. સામાન્યતઃ શિયાળામાં કૂતરાઓ કરડવાની ઘટનાઓ સૌથી વધુ નોંધાતી રહી છે. જિલ્લામાં પણ ઓકટોબર માસમાં જ આ બનાવો વધુ નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે ઓકટોબર માસ દરમિયાન ૮૨ જણાને કૂતરા કરડયા હતા. જેમાં ૪૮ પુરુષ અને ૩૪ મહિલાઓનો સમાવેશ થાય છે. મોટા ભાગના દર્દીઓને પગની પીંડીમાં જ કૂતરા કરડયા હોવાનું પણ જાણવા મળેલ છે.

જિલ્લામાં સૌથી વધુ કૂતરા કરડવાની ઘટનાઓ કલોલ તાલુકાના રાંચરડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં નોંધાઈ છે. જિલ્લામાં રખડતા કૂતરાઓ સૌથી વધુ કરડયા છે જયારે પાલતુ કૂતરાઓનો ભોગ બનેલા દર્દીઓની સંખ્યા નહીવત હોવાનું બિનસત્તાવાર સૂત્રોએ સ્વીકાર્યુ છે.

# આરટીઓમાં ૩ હજાર વાહનચાલકોએ ફી ભરી પણ નંબર પ્લેટ ફીટ કરાવી નથી

ગાંધીનગર તા ૧૭

વાહનોમાં હાઈસિકયુરીટી નંબર પ્લેટ ફરજિયાત કરી દેવામાં આવી છે. જયારે આગામી તા ૧૫ ફેબ્રુઆરી સુધીની મુદત આપવામાં આવી હોવાથી વાહનોમાં હાઈસિકયુરીટી નંબર પ્લેટ લગાવવા માટે જુના વાહનોના માલિકો પણ જાગૃત બન્યા છે. ગાંધીનગરની હાઈટેક આર ટી ઓ કેચરીમાં પણ રોજ ૫૦૦ જેટલી નંબર પ્લેટ બનાવામાં આવે છે. જયારે હાલની સ્થિતિએ ૩ હજાર વાહન માલિકો નંબર પ્લેટ માટેના પૈસા ચુકવી હાઈસિકયુરીટી પ્લેટ લગાવા આવ્યા ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

**આર ટી ઓ કચેરીમાં રોજ ૫૦૦ નંબર પ્લેટ તૈયાર થાય છે : ચાર દિવસમાં જ નંબર પ્લેટ ફીટ કરી દેવાય છે**

વાહનોમાં હાઈસિકયુરીટી નંબર પ્લેટ લગાવાનુ કામ આર ટી ઓ તંત્ર માટે કપરુ બન્યુ છે. વાહનોમાં હાઈસિકયુરીટી નંબર પ્લેટ લગાવાના મામલે હજુ ગાંધીનગર જિલ્લામાં સેંકડો વાહનોને આવરી લેવાના

● અનુસંધાન પાન-૭ પર

# એસ ટી ડેપોને ગત વર્ષ કરતા ૫ ટકા વધુ આવક

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની વાત વિસરાઈ છે. જયારે ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાઓનો પણ અભાવ વર્તાઈ રહયો છે. પરંતુ વર્ષે કરોડોની આવક રળતા એસ ટી નિગમ દ્વારા ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાઓ પુરી પાડવા માટે તેમજ બસ સુવિધાને અપગ્રેડ કરવા માટે હજુ ઉદાસીનતા સેવાઈ રહી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. છેલ્લા એક વર્ષમાં ડેપોએ રૂ ૧૬.૫૧ કરોડની આવક કરી છે. જયારે આ આવક ગત વર્ષની સાપેક્ષમાં ૫ ટકા વધુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં સલામતી વ્યવસ્થાના નામે મીંડુ છે. ડેપો દ્વારા વર્ષે કરોડો રૂપિયાની તગડી આવક કરવામાં આવી રહી છે. પરંતુ મુસાફરલક્ષી સુવિધાઓના નામે હજુ પણ મીંડુ ચિતરાયેલુ છે. ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના પણ અધ્ધરતાલ છે. નગરના હાર્દસમાં વિસ્તારમાં સ્થિત ડેપો વર્ષે કરોડો રૂપિયાની તોતિંગ આવક મેળવે છે.

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર

'રાજધાનીનાં રતન'

'સંસ્કૃતિ' દ્વારા ગાંધીનગર શહેર અને જિલ્લામાં વસતા કલાકારોની એક ડિરેકટરી બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ કામગીરી તેના સક્રિય તબક્કામાં પ્રવેશી ચૂકી છે ત્યારે સંસ્થા દ્વારા એવી કાળજી લેવાઈ રહી છે કે આ ડિરેકટરીમાં પાટનગરના તમામ અગ્રણી તેમજ જેમનું પ્રદાન નોંધનિય છે અને જેમનું પ્રદાન અત્યંત આશાસ્પદ છે એવા તમામ કલાકારોનો આમાં સમાવેશ થઈ જાય. આ માટે તમામ કલાકારોને ફરીથી વિનંતી કરવામાં આવે છે જેઓએ આ કલા ડિરેકટરી માટે પોતાની વિગતો ન આપી હોય તો સત્વરે આપીને આ એક કલા વિષયક સેવા પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે.

નિયત ફોર્મ મેળવવા માટે સંપર્ક :

| | |
|---|---|
| ડૉ. ચેતના અ. બુચ<br>પ્લોટ નં. ૨૨૦, અષ્ટલક્ષ્મી એપા.,<br>સેક્ટર-૨૦, ગાંધીનગર<br>મો. ૯૮૨૫૮ ૧૬૦૧૮ | શ્રી હરેશ કે. ઠાકર<br>પ્લોટ નં. ૨૩૧/૧, ડી-ટાઈપ,<br>જુના એમ.એલ.એ. કવાર્ટર, સે.૧૭,<br>ગાંધીનગર. મો. ૯૪૨૭૩ ૧૭૪૪૯ |
| મનોજ શુકલ<br>મંત્રી-૯૮૨૫૮ ૭૯૫૨૯ | રમેશ પટેલ<br>પ્રમુખ, 'સંસ્કૃતિ' સંસ્થા |

સ્થળ સૌજન્ય : કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. ફોન : ૨૩૨૧૧૪૮૯, ૨૩૨૪૩૬૨૩

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com